5573



જેને પર્યાયની હયાતીનો જ સ્વીકાર છે તેને સ્વભાવની હયાતીનો અસ્વીકાર થઈ જાય છે. અનાદિથી પર્યાયને જ સત્‌રૂપે–હયાતીરૂપે દેખી હતી તેને ભૂલી જા ! ને ત્રિકાળી સ્વભાવને ભૂલી ગયો હતો તેને જો !

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૮ સં. ૨૦૫૪ [૬૫૯] * આત્મધર્મ * [અંક-૩ વર્ષ-૫૫] વીર સં. ૨૫૨૪ સપ્ટેમ્બર–૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમ પ્રત્યક્ષમાં દૈવયોગથી કોઈની આંખમાં પીડા થવા છતાં પણ કોઈ બીજાની આંખ પ્રસન્ન પણ રહી શકે છે. તેવી જ રીતે ચારિત્રમોહના ઉદયવશ ચારિત્રગુણમાં વિકાર થવા છતાં પણ તેથી આત્માના સમ્યક્ત્વગુણની કોઈ પ્રકારથી ક્ષતિ થતી નથી. ૫૧૭.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી ઉત્તરાર્ધ, શ્લોક–૬૯૧)*

❀ અપ્રત્યાખ્યાન કર્મકિ ઉદય હોતે ચારો હી કષાયભાવનરૂપ પ્રવર્તે પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાલકે વિચાર સહિત ન્યાયરૂપ પ્રવર્તે. અરુ અપ્રત્યાખ્યાન ક્રોધકર્મકિ ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદીત ક્રોધ હોય, અરુ અપ્રત્યાખ્યાન માનકર્મકિ ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદીત માન હોય, અરુ અપ્રત્યાખ્યાન માયાકર્મકિ ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદીત માયા હોય, અરુ અપ્રત્યાખ્યાન લોભકર્મકિ ઉદય હોતે જીવકે ન્યાયરૂપ મર્યાદીત લોભ હોય, અરુ અપ્રત્યાખ્યાનકર્મનકે ઉદય હોતે એકદેશ સંયમ ભી નાહીં ધર સકૈ પરંતુ ધર્મ વિષૈં રુચિ હોય, ધર્મ અરુ ધર્મકિ વિષૈં ભક્તિ હોય, પ્રીતિ હોય, સાચા સ્વરૂપાચરણ હોય. ૫૧૮.

*(શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું–૧૨)*

❀ શ્રીગુરુ જગવાસી જીવોને ઉપદેશ આપે છે કે તમને આ સંસારમાં મોહનિદ્રા લેતાં અનંતકાળ વીતી ગયો; હવે તો જાગો અને સાવધાન અથવા શાન્તચિત્ત થઈને ભગવાનની વાણી સાંભળો !—કે જેનાથી ઇન્દ્રિયોના વિષય જીતી શકાય છે. મારી પાસે આવો, હું કર્મકલંક રહિત પરમ આનંદમય તમારા આત્માના ગુણ તમને બતાવું. શ્રીગુરુ આવાં વચનો કહે છે તોપણ સંસારી મોહી જીવ કાંઈ ધ્યાન આપતા નથી, જાણે કે તેઓ માટીના પૂતળા છે અથવા ચિત્રમાં દોરેલા મનુષ્ય છે. ૭૪.

*(શ્રી બનારસીદાસ, સમયસાર નાટક, નિર્જરા દ્વાર, ૫૬–૧૨)*

❀ લોકમાં જે મનુષ્ય પુણ્યના પ્રભાવથી ઉત્તમ કુળમાં જન્મ લઈને, ઉત્તમ શરીર પામીને, અને આગમ જાણીને વૈરાગ્ય પામ્યા થકા નિર્મળ તપ કરે છે તે અનુપમ પુણ્યશાળી છે. તે મનુષ્ય જો પ્રતિષ્ઠાનો મોહ (આદર સત્કારનો ભાવ) છોડીને ધ્યાનરૂપ અમૃતનું પાન કરે છે તો સમજવું જોઈએ કે તેણે સુવર્ણમય મહેલ ઉપર મણિમય કળશની સ્થાપના કરી છે. ૫૨૦.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, યતિભાવનાષ્ટક, શ્લોક–૫)*

*

કહાન
સંવત-૧૮
વર્ષ-૫૫
અંક-૩
[૬૫૯]

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૪
સં. ૨૦૫૪
Sept.
A.D. 1998

## ચૈતન્યતળના તાગ લેનારા સુખી છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૮૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૦મી ગાથામાં યોગીન્દ્રદેવ અતીન્દ્રિયસુખરૂપ મોક્ષનું સ્વરૂપ કહે છે.

जीवहँ सो पर मोक्खु मुणि जो परमप्पय-लाहु ।
कम्म-कलंक विमुक्काहँ णाणिय बोल्लहिँ साहु ॥१०॥

આત્મા વસ્તુરૂપે અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એટલે કે શક્તિએ આત્મા અતીન્દ્રિય સ્વસુખસ્વરૂપ છે તેની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે મોક્ષ છે. 'પરમાનંદનો લાભ તે મોક્ષ છે.'

વસ્તુ શક્તિરૂપે છે તેની પર્યાયમાં પૂર્ણ પ્રગટતા મોક્ષદશામાં થાય છે. અનાદિથી અજ્ઞાનદશામાં જીવને પુણ્ય-પાપના વિકારનો લાભ થતો હતો, તેમાં ભ્રાંતિથી સુખ માનતો હતો, એ ભ્રાંતિ ટળીને પર્યાયમાં પૂર્ણાનંદ અતીન્દ્રિય સુખનો લાભ થવો તેનું નામ મોક્ષ છે. 'લાભ' શબ્દ તો બંનેમાં કહ્યો પણ તેમાં કેટલો ફેર છે! દુનિયા 'લાભ સવાયા' કહે છે તે વિકારના લાભની વાત છે, તેમાં આત્માના આનંદનો લાભ ક્યાં હતો! તેમાં તો દુઃખનો લાભ છે. પાંચ-પચાસ કરોડ ધૂળના આંકડા તો ઘણાં મોટા છે પણ તેમાં લાભ તો દુઃખનો છે. મને સ્ત્રી, પુત્ર, પૈસાનો લાભ થયો એવો જે પોતાનો ભાવ થાય છે તે જ તેને દુઃખરૂપ છે.

ગાથામાં મોક્ષની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે કે કર્મરૂપી કલંકથી રહિત જીવોને

જે પરમાત્માની પ્રાપ્તિ થાય છે તેને નિયમથી મોક્ષ કહેવાય છે. આમ જ્ઞાનવાન મુનિરાજ કહે છે. મુનિરાજ રત્નત્રયના યોગથી મોક્ષનું સાધન કરે છે તેથી તેનું નામ સાધુ છે.

ભગવાન આત્મા શક્તિએ તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે પણ એ શક્તિ પ્રગટ થયા વિના તેનો સ્વાદ ન આવે. પીપરના દાણામાં ચોંસઠ પહોરી શક્તિ છે પણ સીધી પીપર મોઢામાં મૂકો તો એ શક્તિનો સ્વાદ નહિ આવે. લીંડીપીપર ઘસીને ચોંસઠ પહોરી સ્વાદ પ્રગટ કરો તો અસલ સ્વાદ આવે. તેમ ભગવાન આત્મામાં પૂરો અતીન્દ્રિય આનંદ શક્તિરૂપ છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા લીનતા કરતાં પ્રથમ થોડો આનંદ આવે અને પછી પૂર્ણ લીનતા થતાં પૂરો આનંદ પ્રગટ થાય છે. તેને મોક્ષનો લાભ થયો કહેવાય છે એમ મુનિઓ અને સંતો કહે છે.

ભાવાર્થ :—કેવળજ્ઞાનાદિ અનંતગુણ પ્રગટરૂપ જે કાર્યસમયસાર અર્થાત્ શુદ્ધ પરમાત્માનો લાભ તે મોક્ષ છે. આ મોક્ષ ભવ્યજીવોને જ થાય છે. ભવ્ય કેવા છે કે પુત્ર-કલત્રાદિ પરવસ્તુઓના મમત્વથી માંડીને બધાં વિકલ્પોથી રહિત જે આત્મધ્યાન તેનાથી જેણે ભાવકર્મ અને દ્રવ્યકર્મરૂપી કલંક ક્ષય કર્યા છે એવા જીવોનો નિર્વાણ થાય છે એમ જ્ઞાનીજનો કહે છે. અહીં, અનંતસુખનું કારણ હોવાથી મોક્ષ જ ઉપાદેય છે.

કેવળજ્ઞાનાદિ અનંતગુણની પ્રગટતારૂપ જે કાર્યસમયસાર તે જ પરમાત્મલાભ છે. તેમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્ય આદિ અનંતગુણોની પૂર્ણ પ્રગટતા થાય છે. કારણપ્રભુ જે ત્રિકાળ જ્ઞાનાનંદથી ભરેલું તત્ત્વ છે તેમાં એકાગ્ર થઈને જે કાર્યપર્યાય પ્રગટ થાય છે તેને પરમાત્માના લાભરૂપી મોક્ષ કહેવાય છે. આવો મોક્ષ ભવ્ય જીવોને જ થાય છે, અભવ્ય જીવોનો મોક્ષ થતો નથી.

કેવા ભવ્ય જીવોનો મોક્ષ થાય છે તે કહે છે કે પુત્ર અને પરિવારથી માંડીને સર્વ વિકલ્પોમાંથી જેણે એકત્વ તોડી નાંખીને નિર્વિકાર આત્મસ્વરૂપનું ધ્યાન કર્યું છે જેનાથી તેના ભાવકર્મ અને દ્રવ્યકર્મરૂપી કલંક ક્ષય પામ્યા છે એવા ભવ્યજીવો જ આત્માના આનંદની પ્રાપ્તિરૂપ નિર્વાણને પ્રાપ્ત થાય છે. એમ સર્વજ્ઞદેવથી માંડીને સર્વ સાધુ-સંતોએ કહ્યું છે.

અહીં, અનંત સુખનું કારણ હોવાથી મોક્ષ જ ઉપાદેય છે, પરમાનંદની પ્રાપ્તિરૂપ પરમાત્મલાભ જ આદરણીય છે, તેને જેણે આદરણીય માનીને દ્રવ્યમાં એકાગ્રતા કરી છે તેણે જ મોક્ષદશાને ઉપાદેય તરીકે સ્વીકારી કહેવાય છે. મોક્ષ અનંતસુખરૂપ છે માટે મોક્ષ જ ઉપાદેય છે એમ જેણે માન્યું છે તેની ભગવાન આત્મામાં લીનતા થઈ છે, ત્યારે જ તેણે મોક્ષદશાને ઉપાદેય માની અને જાણી કહેવાય. જે કોઈ રાગ-દ્વેષ

અને પુણ્ય-પાપમાં જ એકાગ્ર થઈને પડ્યા છે તેને તો દુઃખ જ ઉપાદેય મનાયું છે. તે સંસાર અને સંસારીભાવને જ ઉપાદેય કરીને અનુભવે છે, આત્માનંદને ઉપાદેય કરીને અનુભવતો નથી.

શ્રોતા :—દુઃખ કોઈને ગમે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ દુઃખ છે એમ એને ખબર નથી એટલે ગમે છે. ભ્રમણા અને વિકલ્પો ઉઠે છે તે દુઃખ છે. તેમાં તે એકાકાર થાય છે તેનો અર્થ એ કે તેણે દુઃખને ઉપાદેય માન્યું છે–દુઃખમાં એકાકાર થઈ રહ્યો છે. અનંત આનંદસ્વરૂપ મોક્ષ જ ઉપાદેય છે, વિભાવ ઉપાદેય નથી એમ જેને લાગે તેની દૃષ્ટિ પરમ આનંદમય આત્મા ઉપર હોય છે અને તેમાં જ તેનું ઢળવું થાય છે. ત્યારે જ તેણે પરમાનંદમય મોક્ષનો સ્વીકાર કર્યો ગણાય. એ સિવાય પુણ્ય-પાપના વિકલ્પ, જડકર્મ અને સંયોગને ઠીક માને છે-મારા છે એમ માને છે તે પોતાની વર્તમાન દશામાં ભ્રમણા અને વિકારને અનુભવતો હોવાથી દુઃખી જ છે, તેને અનાત્માનો લાભ છે અને પેલાને આત્માનો લાભ થાય છે.

પાગલને પૂછો કે તું પાગલ છો? તો 'ના' કહેશે કેમ કે એને ક્યાં ખબર છે કે હું પાગલ છું. તેમ અજ્ઞાનીને ખબર નથી કે હું દુઃખી છું. પુણ્ય-પાપના વિકલ્પો મને ઠીક છે, તેનું બંધન મને ઠીક છે અને તેનું ફળ પણ મને ઠીક છે એમ માનનાર દુઃખને જ અનુભવે છે અને તેને જ પોતાનું સ્વરૂપ માનીને સેવે છે.

એક 'પરમાત્મલાભ' શબ્દ મૂકીને આચાર્યદેવ કેટલું કહેવા માગે છે ! પરમસ્વરૂપનો લાભ એટલે અતીન્દ્રિયાનંદનો લાભ તેને મોક્ષસ્વરૂપ કહેવામાં આવે છે. તેનાથી ઉલટું શુભાશુભભાવ કે જે આસ્રવતત્ત્વ છે, દુઃખરૂપ છે, આકુળતા છે, તેમાં જે એકાગ્ર થાય છે તે દુઃખને જ ઉપાદેય માને છે.

શ્રીમદ્ કહે છે કે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'.... અહીં તેને જ પરમાત્મસ્વરૂપનો લાભ કહ્યો છે.

પૈસાના લાભને અહીં લાભ કહ્યો નથી. પૈસાના લાભને લાભ માને છે તે દુઃખના દુઃખપતિ છે,–સુખપતિ નથી. પૂર્ણાનંદના લાભને પામે તે સુખપતિ છે, તે અનંતપતિ છે તેને ખરો લાભ થયો છે. પેલાને લાભ તો છે. પણ દુઃખનો લાભ છે–મીઠું ઝેર છે.

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીના રાજ્યમાં રહ્યો હોય છતાં રાગમાં કે સંયોગમાં તેને સુખબુદ્ધિ નથી. તેનું ખેંચાણ તો અતીન્દ્રિયાનંદના નાથ પ્રત્યે છે. તેથી બાહ્યચીજોના

લાભને તે લાભ માનતો નથી. जो परमप्पयलाहु यः परमात्मलाभः જે શક્તિમાં ભગવાન હતો તેને પર્યાયમાં પ્રગટ કરવો તે પરમાત્મલાભ છે એમ કહીને આચાર્યદેવે બહુ સરસ વાત કરી છે.

અહીં મોક્ષના સ્વરૂપનું કથન દસ દોહામાં પૂરું થયું. હવે મોક્ષના ફળની એક ગાથા કહીને પછી મોક્ષના માર્ગનું કથન કરશે.

૧૧મી ગાથામાં મોક્ષનું ફળ અનંતચતુષ્ટય છે એમ બતાવે છે.

दंसणु णाणु अणंत-सुहु समउ ण तुट्टइ जासु ।
सो पर सासउ मोक्ख-फलु बिज्जउ अत्थि ण तासु ।।११।।

અર્થ :—જે મોક્ષપર્યાયના ધારક શુદ્ધાત્માને કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય આ અનંત ચતુષ્ટયથી માંડીને અનંતગુણનો સમુહ એક સમયમાત્ર પણ નાશ થતો નથી અર્થાત્ હંમેશા અનંતગુણને પ્રાપ્ત હોય છે તે શુદ્ધાત્માને નિશ્ચયથી હંમેશા રહેવાવાળું મોક્ષનું ફળ છે, આ સિવાય બીજું કોઈ મોક્ષફળ નથી અને તેનાથી અધિક બીજી કોઈ વસ્તુ નથી.

રાગ અને સંયોગનું ફળ કાયમ ટકતું નથી, આવે છે અને ચાલ્યું જાય છે. જ્યારે મોક્ષનું ફળ તો આવ્યું...તે કદી નાશ પામતું જ નથી, કાયમ ટકે છે. અતીન્દ્રિય જ્ઞાન-આનંદાદિ અનંતગુણનો પર્યાયમાં લાભ થવો તે મોક્ષ છે અને તેનું કાયમ ટકી રહેવું—શાશ્વત રહેવું તે મોક્ષનુ ફળ છે. ઊંડા ઊંડા આત્માના ગોદામમાં ગુણો ભર્યાં હતાં તેને ખોજીને બહાર લાવ્યાં તે હવે શાશ્વત ટકી રહેવાના છે.

'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો....'

ધૂળલક્ષ્મી તો ચાલી જશે પણ આ જ્ઞાનલક્ષ્મી પ્રગટે પછી કદી ચાલી જતી નથી. રોજના લાખ રૂપિયા પેદા કરતો હોય તોપણ એ ખૂટી જશે, આ જ્ઞાન નહિ ખૂટે.

ભાવાર્થ :—મોક્ષનું ફળ અનંત જ્ઞાનાદિ જાણીને સમસ્ત રાગાદિકનો ત્યાગ કરી તેના માટે જ નિરંતર શુદ્ધાત્માની ભાવના કરવી જોઈએ.

પુણ્ય-પાપ રાગાદિ વિકાર અને નાશવાન ભાવોથી રહિત અને અનંત જ્ઞાનાદિ સહિત શુદ્ધાત્માની હંમેશા ભાવના અર્થાત્ એકાગ્રતા કરવી જોઈએ. એકાગ્રતા કહો કે ધ્યાન કહો એક જ છે. નિર્મળ શુદ્ધાત્માને ધ્યેય બનાવીને તેનું ધ્યાન કરવું જોઈએ. દ્રવ્યસ્વભાવની ભાવનાથી મોક્ષ મળે છે અને મોક્ષનું ફળ શાશ્વત ટકી રહે છે.

મોક્ષનું સ્વરૂપ અને મોક્ષનું ફળ કહ્યું. હવે ક્યા રસ્તે ચાલીને મોક્ષનગરીમાં પહોંચાય છે એ માર્ગ બતાવે છે. ૧૯ દોહામાં નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનું વ્યાખ્યાન આવશે.

जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु ।
ते पुणु तिण्णि वि अप्पु मुणि णिच्छएँ एहउ वुत्तु ॥१२॥

અર્થ :—જીવોને મોક્ષનું કારણ વર એટલે ઉત્કૃષ્ટ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. પછી તે ત્રણેય નિશ્ચયથી આત્માને જ જાણે છે એમ શ્રી વીતરાગદેવે કહ્યું છે એમ હે પ્રભાકરભટ્ટ ! તું જાણ.

દર્શન, જ્ઞાન, ચારિત્ર એમ ત્રણ ભેદો પાડવા તે વ્યવહાર છે અને તેને એક આત્મારૂપે જાણવા તે નિશ્ચય છે એમ આચાર્યદેવ કહેશે.

ભાવાર્થ :—ભેદરત્નત્રયરૂપ વ્યવહાર-મોક્ષમાર્ગ સાધક છે અને અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે. આ રીતે નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગનો સાધ્ય-સાધકભાવ, સુવર્ણ અને સુવર્ણપાષાણની જેમ જાણવો. આવું જ કથન શ્રી દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે, તેનો અભિપ્રાય એવો છે કે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આ ત્રણેય વ્યવહાર-નયથી મોક્ષના કારણ જાણવા અને નિશ્ચયથી તે ત્રણેયમયી એક આત્મા જ મોક્ષનું કારણ છે.

ભેદરત્નત્રય એટલે શું ?—કે, દેવ-શાસ્ત્ર-ગુરુની તથા નવતત્ત્વોની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિના પરિણામ તે ભેદરત્નત્રય છે, તે મોક્ષમાર્ગમાં નિમિત્ત છે, માટે તેને સાધક તરીકે ગણવામાં આવ્યા છે. આ વિકલ્પરૂપ છે તેને છોડીને દ્રવ્યમાં એકાગ્રતા કરવી તે અભેદરત્નત્રય છે, તે જ ખરો મોક્ષમાર્ગ છે, તે જ સાધવાયોગ્ય છે.

આ બાબતમાં બહુ ગોટા ચાલે છે. લોકો શુભ ઉપયોગને સાધક માને છે. ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનમાં શુભ ઉપયોગરૂપ વ્યવહાર હોય છે અને પછી નિશ્ચય પ્રગટ થાય છે એમ માને છે પણ ખરેખર નિશ્ચય અને વ્યવહાર બંને એક સમયમાં સાથે જ હોય છે. રાગનો ભાગ છે તે વ્યવહાર-સાધક છે અને શુદ્ધસ્વરૂપમા એકાગ્રતા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તે સાધ્ય છે. જેમ સુવર્ણ છે તે નિશ્ચય છે અને સુવર્ણ-પાષાણ વ્યવહાર છે. અગ્નિનું નિમિત્ત પામીને સુવર્ણ અને પાષાણ જુદાં પડે છે તેમ આત્મા તીવ્રરાગથી જુદો પડે અથવા પરથી જુદો પડવાનો વિકલ્પ ઊઠે છે તે શુભરાગ છે તે વ્યવહાર-સાધક છે અને તેનાથી ભિન્ન પડેલી જ્ઞાનની એકાગ્રતાની દશા તે સાધ્ય છે.

જો કે, અગ્નિનું તો માત્ર નિમિત્ત છે, સુવર્ણ પોતે જ ઉજવળ પરિણતીને પામે છે અને પથ્થર જુદો પડી જાય છે તેમ, ભગવાન આત્મા પોતે જ અતંર એકાગ્રતાની શુદ્ધપરિણતી દ્વારા શુદ્ધ થતો જાય છે પણ તે વખતે શુભવિકલ્પ એ પ્રકારનો હોય છે તેને નિમિત્ત તરીકે સાધક કહેવામાં આવે છે.

ખરેખર તો જે નિશ્ચયને સાધે છે તેને વ્યવહાર હોય છે માટે તેને સાધક કહેવામાં આવે છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હોય છે તે છૂટીને નિશ્ચય રત્નત્રય થાય છે તેથી ભૂતનૈગમનયથી વ્યવહારને પહેલો પણ કહેવાય છે. જે ભાવ સાધ્યને સિદ્ધ કરે તે ભાવને વ્યવહારનો આરોપ અપાય છે. સાધ્યને ન સાધે તે ભાવ વ્યવહાર નથી.

હવે દ્રવ્યસંગ્રહમાં આ માટે શું કહે છે તે જોઇએ.

''सम्मदंसणणाणं चरणं मोक्खस कारणं जाणे ।
ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा ॥''

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એવા ત્રણ ભેદ પાડવા તે વિકલ્પ છે માટે વ્યવહારનયથી મોક્ષમાર્ગ જાણવો અને નિશ્ચયથી આત્માનું અભેદરૂપ પરિણમન તે નિશ્ચય-મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી આત્મા જ મોક્ષનું કારણ છે.

શુભરાગ તો માત્ર નિમિત્તરૂપ છે. સાધક સાધના કરતો હોય તેમાં શુભરાગ નિમિત્ત છે તેને જ મોક્ષનું ખરું કારણ માની લે તો તેમાં જ અટકી જાય છે. અરે ! જગતને વીતરાગમાર્ગનું સાચું સ્વરૂપ સાંભળવા પણ મળતું નથી તે ક્યાંથી સાધી શકે !!...અરે ! એ તો નરક અને નિગોદના દુઃખોમાં સડી રહ્યો છે તેમાંથી ઊંચો આવતાં આવતાં મોટો ચક્રવર્તી થયો હોય પણ તત્ત્વની આરાધના કરતો નથી તો તેને દુઃખનો લાભ છે. પર્યાયના મમત્વનું ફળ તેને મળે છે. હવે જો તેને અતીન્દ્રિય આનંદનો લાભ જોઈતો હોય તો તેણે નિજ શુદ્ધચિદાનંદ આત્માની દૃષ્ટિ ને એકાગ્રતા કરવી તો તેની મુક્તિ થાય. બાકી બધી વાતોમાં કાંઈ ન મળે.

જ્યાં સુધી પૂર્ણ નિશ્ચય વીતરાગતા પ્રગટી નથી ત્યાં સુધી નિશ્ચય-મોક્ષમાર્ગ છે તે વ્યવહારથી સાધ્ય છે—સાધવાયોગ્ય છે પણ પૂર્ણની પ્રાપ્તિ માટે તો નિશ્ચયરત્નત્રય સાધક છે, સાધન છે અને તેને દેવ-શાસ્ત્ર-ગુરુ તથા નવતત્ત્વની શ્રદ્ધા આદિનો વિકલ્પ છે તે વ્યવહાર-સાધન છે. વસ્તુસ્થિતિની આ મર્યાદા છે તેનાથી વિશેષ કોઈ માને તો વસ્તુસ્થિતિ તેની શ્રદ્ધામાં નહિ આવે. આ માનવું મોઘું પડતું હોય તોપણ માનવું પડશે કેમકે, નીલમણિ કાંઇ લીંબોળીની કિંમતમાં મળે નહિ. જેની જે કિંમત હોય તે ભર્યા

વિના વસ્તુ કેવી રીતે મળે ? આત્મદ્રવ્યનો આશ્રય લેવો તે આત્મપ્રાપ્તિ માટેની કિંમત છે. એ કિંમત ભરે તેને જરૂર આત્મપ્રાપ્તિ થાય.

જ્ઞાયક ચિદાનંદપ્રભુ અતીન્દ્રિય આનંદની કાતળી છે તેને જેણે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ દ્વારા પકડ્યો છે તેણે સાચી કિંમત ભરી છે. બાકી માત્ર શુભવિકલ્પ કરનારે કાંઇ આત્મપ્રાપ્તિ માટેની કિંમત ભરી નથી.

શ્રોતા :—શુભભાવ કરનારને કિંમત ભરવાની ઇચ્છા તો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઇચ્છા હોય તે એકાગ્ર થયા વિના રહે નહિ. તેને ઇચ્છાની ઇચ્છા ન હોય પણ દ્રવ્યમાં એકાગ્રતા કરે, તેને આત્માની ભાવના કહેવાય.

શ્રોતા :—મોક્ષ લેવા તો એ નીકળ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—નીલમણિ કેવી હોય અને ક્યાં મળે તેની ખબર વગર એ લેવા નીકળી શકતો નથી તેમ ચિદાનંદ નીલમણિ કેવો છે અને ક્યાં રહે છે, શું કરે છે, ક્યાં મળે તેના ભાન વગર તેં શું લેવા નીકળ્યો છે ? એ તો રાગની કિંમત લઇને દુ:ખ લેવા નીકળ્યો છે, પથરા લેવા નીકળ્યો છે.

અહો ! વીતરાગમાર્ગ વીતરાગપર્યાયથી જ શરૂ થાય છે. શુભરાગથી ધર્મ થાય એમ ત્રણકાળમાં કદી બનતું નથી.

અરે ! નરક અને નિગોદમાંથી જીવો માંડ નીકળ્યા છે પણ ફરી નરક-નિગોદમાં લઇ જાય એવા ભાવમાં સલવાઈ ગયા છે. પુણ્ય-પાપ ભાવનો આદર એને સંસારમાં ઊંડો લઇ જવાનું કારણ છે. સંસારમાં ઊંડો એટલે નિગોદમાં જવાનું કારણ છે. નિગોદના પેટ બહુ મોટા છે એટલે જ કાલે કહ્યું હતું કે તત્ત્વનો વિરોધ કરવો રહેવા દેજે ભાઇ ! તત્ત્વના વિરોધના ફળમાં નિગોદમાં જવું પડશે.

આ વીતરાગની પેઢી છે પ્રભુ ! રાગથી લાભ મનાવવો એ તો વીતરાગની સામે દુશ્મનની પેઢી ખોલવા જેવું છે.

જેણે રાગનો અંશ પણ રહેવા દીધો નથી એવી વીતરાગપર્યાય જેણે પ્રગટ કરી છે એવા વીતરાગી પરમાત્માનો હુકમ છે કે, ભાઇ ! વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા તરફ ઢળ ! રાગ અને નિમિત્તની ઉપેક્ષા કર અને પૂર્ણસ્વભાવની અપેક્ષા કર પ્રભુ ! એ વિના તને તારા પત્તા નહિ લાગે ભાઇ !

પોતાની ભૂમિકા અનુસાર અણુવ્રત, મહાવ્રતાદિના વિકલ્પ આવ્યા વગર રહેતાં નથી તેથી તે ભાવને અંદરની શુદ્ધિના નિમિત્ત કહેવાય પણ તેનાથી આત્માને લાભ

કાંઈ નથી. પોતાના ખજાના ખોલવામાં જેટલો એકાગ્ર થાય એટલો જ તેને લાભ છે. આવી શ્રદ્ધા પણ ન કરે તો તેના વીર્યનું વલણ રાગમાં જ જાય. માટે પ્રથમ જ શ્રદ્ધા કરવી કે, આત્મામાં એકાગ્રતાથી જ લાભ છે, બીજે ક્યાંય લાભ નથી. આવી શ્રદ્ધા વિના તો તે બહારમાં જ લાભબુદ્ધિએ વલણ કર્યા કરશે.

જ્ઞાનમૂર્તિ પ્રભુ એકલા નિર્દોષ વીતરાગી સુખનો કંદ છે તેના તરફના વલણવાળી દશા જ મુક્તિનું નિશ્ચયરૂપ કારણ છે. વચ્ચે વ્યવહાર છે તે માત્ર જાણવાલાયક છે—વ્યવહારે સાધક છે. નિર્વિકલ્પ આનંદની મૂર્તિનો જેટલો ભાવ નિર્વિકલ્પ શાંતિની પર્યાયરૂપે પરિણમે તેટલો જ મોક્ષમાર્ગ છે.

વ્યવહારરત્નત્રયને સાધકપણાનો ઉપચાર આપીને હવે આગળ મુનિરાજ કહે છે કે, નિશ્ચયરત્નત્રયરૂપ પરિણત થયેલા નિજ શુદ્ધાત્મા જ મોક્ષનો માર્ગ છે. શુદ્ધાત્મા પોતાની નિર્વિકલ્પ દૃષ્ટિપણે પરિણમ્યો, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનપણે થયો અને સ્વરૂપમાં રમણતાની શાંતિ પ્રગટી એટલો જ મોક્ષનો માર્ગ છે એમ હવે કહે છે.

पेच्छइ जाणइ अणुचरइ अप्पिं अप्पउ जो जि ।
दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि ॥१३॥

મોક્ષ એ સ્વદ્રવ્યની શુદ્ધ પરિણતિ છે. મોક્ષ એ પૂર્ણ શુદ્ધ દ્રવ્યની અતીન્દ્રિય આનંદમય દશા છે તેથી તેનું કારણ પણ શુદ્ધ જ હોવું જોઈએ. શુદ્ધ દ્રવ્યના આશ્રયે પ્રગટેલી અપૂર્ણ શુદ્ધ દશા એ પૂર્ણ શુદ્ધદશાનું કારણ છે.

'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' તે આ નિશ્ચય-મોક્ષમાર્ગ છે.

ગાથાર્થ :—જે પોતાથી પોતાને દેખે છે, જાણે છે, આચરણ કરે છે તે વિવેકી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણત થયેલો જીવ મોક્ષનું કારણ છે.

અહીં 'દેખવું' બંને અર્થમાં સમજવું. સમ્યગ્દર્શન પોતાના આત્માની શ્રદ્ધા કરે છે અને અચક્ષુદર્શન ઉપયોગ દ્વારા પોતાને દેખે છે અને પોતાથી પોતાને જાણે છે અને પોતામાં લીન થાય છે તે આત્મા મોક્ષનું કારણ છે. અભવિજીવને આવા દર્શન જ્ઞાનાદિ હોતા નથી.

પોતાની નિર્મળ જ્ઞાનાનંદ-પર્યાયથી પોતાને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. જરા નિવૃત્તિ લઈને વિચાર કરે તો બધું ખ્યાલમાં આવે પણ વિચાર જ કરતો નથી. બહારની હોળી સળગે છે તેના વિચારમાંથી ઊંચો આવતો નથી. અંદરમાં પરમાનંદનો નાથ બેઠો છે પણ તેની તો ખબર નથી, તેનો વિચાર નથી, એને શું કરવું તેનો પણ વિચાર નથી.

અહીં અંતરથી સાંભળે તો વિચાર પણ આવે. સુખ અને દુ:ખની વ્યાખ્યા કેવી કરી ! વિકારના પરિણામનો લાભ તે દુ:ખ છે અને નિર્વિકાર પૂર્ણ પરિણામનો લાભ તે સુખ છે અને આત્મામાં એકાગ્રતાના નિર્વિકાર પરિણામનો અપૂર્ણ લાભ તે અપૂર્ણ સુખ છે. હવે પોતે ક્યાં લાભમાં ઊભો છે તે પોતે જોઈ લેવું. પગ દુખતાં હોય, ચલાતું ન હોય તેને અહીં દુ:ખ કહ્યું નથી અને નીરોગ શરીરમાં સુખ કહ્યું નથી તે પણ વિચારવું. 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' એ મૂઢ અજ્ઞાની જીવોની માન્યતા છે.

અહીં તો પૂર્ણાનંદના નાથનો જેને દર્શન-જ્ઞાનમાં લાભ થાય તે સુખી છે એમ આચાર્યદેવ કહે છે. બાકી, નીરોગી શરીર અને રૂપાળા કહ્યાગરાં, કમાઉ દીકરાવાળા બધાં દુ:ખી....દુ:ખી છે કેમ કે, એ મારા છે એવી માન્યતા જ જીવની દુ:ખરૂપ દશા છે. બહારથી બધું ત્યાગીને બેઠા છે પણ અંતરથી મિથ્યાત્વનો ત્યાગ થયો નથી તે પણ બધાં દુ:ખી છે.

અહો ! આત્મદેવના તળિયામાં તો અમાપ આનંદ અને શાંતિ છે. તેના તાગ લેવા જાય તેને આનંદ અને શાંતિ મળે છે. જેણે ભગવાન આત્માના તળિયાના તાગ લીધા છે તે જ જગતમાં સુખી છે, બાકી દુનિયાના તાગ લેનારા બધાં દુ:ખી છે.

શરીર કે સ્ત્રી પુત્રાદિ સંયોગ સરખા રહે તોપણ શું અને ન રહે તોપણ શું ? એ તો ધૂળ છે અને પર છે તે સરખી ન રહે તેમાં તારે શું છે ! શરીરની નીરોગતાથી મને સુખ છે એવો ભાવ પોતે જ દુ:ખ છે. આ આત્મા નીરોગી ચિદાનંદ છે તેની શ્રદ્ધા અને જ્ઞાન કરે તે સુખી છે બાકી કોઈ સુખી નથી.

ભાઈ ! તારી ચૈતન્યની દૌલતને તું નજરમાં લેતો નથી અને જ્યાં દૌલત નથી ત્યં દૌલત માનીને ડોલે છો એ તું મોટી મુર્ખાઈ કરે છો. જે જ્ઞાન વડે આત્મા જણાય તે જ્ઞાનને જ જ્ઞાન કહેવાય છે અને તેમાં જ સુખ છે. જે શ્રદ્ધામાં આત્મા પ્રતીતમાં આવે તે, જેમાં આત્માનું દેખવું થાય તે જ દર્શન છે. પોતાથી પોતામાં આચરણ કરે તે ચારિત્ર છે. નિર્વિકલ્પ વીતરાગી પરિણતિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય લઈ લેવા.

જે પોતાથી પોતાને દેખે છે, પોતાથી પોતાને જાણે છે અને પોતાથી પોતામાં લીન થાય છે તે વિવેકી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણત થયેલો જીવ, મોક્ષનું કારણ છે. દર્શન, જ્ઞાન, ચારિત્રનું પૂર્ણ પરિણમન તે મોક્ષ છે અને તેનું અપૂર્ણ પરિણમન મોક્ષનું કારણ છે, બાકી બધી વાતો છે.

*[ક્રમશ:]*

*

# સંસારમાં રહ્યાં જ્ઞાની મુક્ત છે

[શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

[પ્રવચન નં. ૬૦ રેકોર્ડિંગ થયું ન હોવાથી અત્રે તે પ્રવચન આપી શકાયું નથી.]

(સળંગ પ્રવચન નં.–૬૧)

અહીં આસ્રવ અધિકારમાં જ્ઞાની નિરાસ્રવ કેમ છે તે વાત સમજાવે છે.

જેને આત્માનું જ્ઞાન થયું તે જીવ નિરાસ્રવ છે એટલે શું ? કે—શુભાશુભભાવ થાય છે તે વિકલ્પ છે, તેનાથી મારું સ્વરૂપ જુદું છે. હું પૂર્ણ શુદ્ધ આનંદસ્વભાવી છું એવો અનુભવ થતાં તે જીવ જ્ઞાની થઈ જાય છે તેને આસ્રવ થતો નથી અને બંધ પણ થતો નથી, કેમ કે, રાગમાં તેને એકત્વ નથી. તેથી રાગનું બંધન તેને થતું નથી.

પાંચમા પદ્યનો ભાવાર્થ :—વર્તમાનકાળના અશુદ્ધ પરિણામોમાં આત્મબુદ્ધિ કરતાં નથી અને ભૂતકાળમાં થયેલાં રાગાદિ પરિણામોને પોતાના માનતા નથી અથવા આગામીકાળમાં થવાવાળા વિભાવ મારા નથી એવું શ્રદ્ધાન હોવાથી જ્ઞાની જીવ સદા નિરાસ્રવ રહે છે.

ધર્મીજીવને શુદ્ધ સ્વભાવમાં સ્વામીપણું થઈ ગયું છે અને વર્તમાનમાં જે શુભાશુભપરિણામ થાય છે તે તો અશુદ્ધ છે તેથી ધર્મીને એ શુભાશુભરાગ મારા છે એવી બુદ્ધિ થતી નથી. તેનું પરિણમન તો રાગથી પૃથક થઈને અંતરમુખ થયું છે. તેથી રાગમાં પોતાપણું-આત્મબુદ્ધિ-સ્વામીત્વ હોતું નથી. જ્યાં રાગમાં સ્વામીપણું ધર્મીને હોતું નથી તો આ પુત્ર, પરિવાર, ધન, મકાન, શરીરાદિમાં સ્વામીપણું ક્યાંથી હોય ! બધાંની વચ્ચે રહ્યા છતાં ધર્મીને તેમાં મારાપણું હોતુ નથી.

દુનિયા દેખે છે કે, ધર્મી સંયોગમાં બેઠા છે પણ એ તો પોતાના સ્વભાવઘરમાં બેઠા છે. રાગમાં, કર્મમાં કે શરીરાદિમાં ધર્મી નથી તેથી ધર્મીને તે કોઈમાં પોતાપણાની બુદ્ધિ નથી. એકમાત્ર નિજ સ્વભાવમાં સ્વામિત્વ છે. આનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

ભૂતકાળમાં શુભભાવ થયો માટે પુણ્ય બંધાયું તેના ફળમાં મને આ અનુકૂળ સંયોગો મળ્યાં, ધર્મની વાત સાંભળવા મળી માટે શુભભાવ સારાં છે એમ ધર્મી માનતાં નથી. પોતાના આત્મા ઉપર દૃષ્ટિ હોવાથી વર્તમાનમાં થતાં રાગાદિને તો પોતાના

માનતાં નથી પણ ભૂતકાળમાં થઇ ગયેલાં પરિણામોમાં પણ એકત્વ થતું નથી અને ભવિષ્યમાં થનારા શુભશુભરાગમાં પણ મમત્વ થતું નથી.

હું તો શુદ્ધ ચૈતન્ય પરિપૂર્ણ આનંદસ્વરૂપ છું એવી શ્રદ્ધા હોવાના કારણે ભૂત, વર્તમાન અને ભવિષ્યના રાગથી ધર્મી રહિત છે. અસ્થિરતાના કારણે રાગ તો ધર્મીને આવે છે પણ એકત્વબુદ્ધિ હોતી નથી તેથી ધર્મીને નિરાસ્રવ ગણવામાં આવે છે દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો રાગ, કોઇ વિષયવાસનાનો રાગ, એવા શુભ અને અશુભ બંને પ્રકારના રાગ તો આવે છે પણ તેમાં સ્વપણું નથી, એકદમ ભિન્ન પડી ગયો છે તેથી તેને જરાય પોતાના માનતો નથી. જેમ, વર્તમાનમાં અશુદ્ધપરિણામ મારા નથી તેમ ભૂતકાળમાં પણ મારા ન હતા અને ભવિષ્યમાં પણ જે થશે તે મારા નથી એવી શ્રદ્ધા વર્તે છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે, કર્મ જીવતાં છે ને જ્ઞાની નિરાસ્રવ કેવી રીતે? ('જીવતાં' શબ્દ ઉપરથી બયાનાના 'જીવંતસ્વામી' યાદ આવી ગયાં. ૨૪ ભગવાન તો મોક્ષમાં પધારી ગયા. સીમંધરસ્વામી જીવંત બિરાજે છે તેથી ત્યાં પ્રતિમા ઉપર 'જીવંતસ્વામી' લખેલું છે)

ज्यौं जगमै विचरे मतिमंद,
सुछंद सदा वरतै बुध तैसो ।
चंचल चित्त असंजित वैन,
सरीर-सनेह जथावत जैसो ॥
भोग संजोग परिग्रह संग्रह,
मोह विलास करै जहं एसो ।
पूछत सिष्य आचारजसौं यह,
सम्यकवंत निराश्रव कैसो? ॥६॥

અર્થ :—શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે કે, હે સ્વામી! સંસારમાં જેવી રીતે મિથ્યાદૃષ્ટિજીવ સ્વતંત્રપણે વર્તે છે તેવી જ પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જીવની હંમેશા હોય છે.–બંનેને ચિત્તની ચંચળતા, અસંયત વચન, શરીરનો સ્નેહ, ભોગનો સંયોગ, પરિગ્રહનો સંચય અને મોહનો વિકાસ એક સરખો હોય છે, તો પછી સમ્યગ્દૃષ્ટિજીવ ક્યા કારણે આસ્રવ રહિત છે?

જેમ મિથ્યાદૃષ્ટિજીવ વેપાર-ધંધા કરે છે, લડાઇ કરે છે, ખાય-પીએ છે તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવ પણ વેપાર-ધંધા, લડાઇ, ખાવું-પીવું આદિ બધી પવૃત્તિ કરતાં હોય

છે ! અરે ! કદાચિત્ તેને પુણ્યનો ઉદય વિશેષ હોય તો મિથ્યાદૃષ્ટિ કરતાં પણ વધારે સંયોગોને ભોગવતાં હોય છે. કરોડો, અબજો રૂપિયાના હીરા-માણેકના ધંધા કરતાં હોય અને મિથ્યાદૃષ્ટિ કોઇ નાનકડી હાટડી ચલાવીને ૧૦૦-૨૦૦ રૂપિયા પેદા કરતો હોય...આમ પ્રવૃત્તિ તો જ્ઞાની પણ મિથ્યાદૃષ્ટિ જેવી જ કરતાં હોય છે છતાં તેમને નિરાસ્રવ કેમ કહ્યા ? શું તેમને આસ્રવ નથી ? બધું કરે, ભોગવે છતાં નિરાળા છે ?

चंचल चित्त.....ઘડીમાં ખાવાનું આવે, ઘડીમાં સૂવાનું હોય, ઘડીમાં આ પરિણામ તો વળી ઘડીમાં પલટીને બીજાં પરિણામ.....એમ ચંચળતા તો ધર્મીને પણ હોય છે. આત્મામાં ચિત્ત લીન થઇ ગયું હોય તો તો આવી ચંચળતા જોવા ન મળે, ધર્મી તો અસંયતવચન પણ બોલે છે. આ દીકરીના લગ્ન કરો, તેમાં આમ કરો.....એમ અનેક પ્રકારે કથન પણ કરે છે, મિથ્યાદૃષ્ટિ જેવું જ બધું તેનું વર્તન છે છતાં નિરાસ્રવ કેવી રીતે થઇ ગયા ?

ભરત ચક્રવર્તીના સમયમાં એકવાર આઠ દિવસ સુધી એકધારો વરસાદ પડ્યો ત્યારે ભરત દિવાનને કહે છે, કુદરતી વરસાદ આવો એકસરખો ન હોય, મુશળધાર હોય તોપણ તેમાં આંતરો પડે પણ આ કોઇ દેવનું કામ લાગે છે માટે જાઓ અને તપાસ કરો.....આવા વચનો બોલે છતાં નિરાસ્રવ ?

ધર્મીને શરીરમાં રાગ પણ હોય છે, રોટલી કરીને રાખશો નહિ, ગરમ ગરમ કરજો, ઠંડી નહિ ખાઉં...આટલો બધો રાગ અને તમે તેને નિરાસ્રવ કહો છો ? जथावत् जैसो એટલે મિથ્યાદૃષ્ટિ જેવો જ બધો દેખાય છે છતાં ધર્મી નિરાસ્રવ કેમ ?

ધર્મીને ભોગ અને સંયોગ પણ છે. ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિ હોય તોપણ ૯૬,૦૦૦ રાણી હોય છે. સમકિતી ઇન્દ્રને કરોડો દેવીઓ હોય છે. સંયોગના પણ પાર નથી.

ધર્મી પરિગ્રહનો સંગ્રહ પણ કરે છે. સુધારકો તો કહે છે કે, પરિગ્રહનો સંગ્રહ ઘટાડો તો લોકોને બધાંને સરખું મળી રહે, કોઇને વસ્તુની ખેંચ ન પડે. પૈસાવાળાઓ બહુ બધું ભેગું કરી લે છે એટલે ગરીબોને મળતું નથી એવા વ્યાખ્યાનો કરે તે બધાંને બહુ ગમે, પણ એને ક્યાં ખબર છે કે પુણ્ય વગર કાંઇ મળતું નથી. પૈસાવાળાને પુણ્યને કારણે મળ્યું છે અને ગરીબને પુણ્ય નથી માટે મળતું નથી એ સિદ્ધાંતની તો એને ખબર પણ નથી. સંગ્રહ કરેલું, પુણ્ય હોય તો ટકે, નહિ તો ચાલ્યું જાય અને ગરીબને કોઇ આપવા માંગતું હોય પણ તેના પુણ્ય ન હોય તો મળતું નથી. ધર્મીને પુણ્ય પ્રમાણે પરિગ્રહનો સંગ્રહ પણ હોય છે.

मोह विलास करै जहं एसो સોનાના સળિયાવાળા હીંડોળા ખાટે ધર્મી હિંચકા પણ ખાય...એમ અનેક પ્રકારે મોહવિલાસ કરતાં દેખાય છે તેને તમે નિરાસ્રવ કેમ કહો છો ? એમ શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે. सम्यकवंत निरास्रव कैसो ? આસ્રવ એટલે પરિણામવિકાર અને બંધ સમક્તિને હોય જ નહિ એમ તેમ ક્યાં આધારે કહો છો ?

છઠ્ઠા શ્લોકમાં (સાતમા પદમાં) ગુરુ શિષ્યની શંકાનું સમાધાન કરે છે. અખંડ આનંદસ્વરૂપ આખા જગતથી નિરાળી વસ્તુ જેને અનુભવમાં આવી એવા ધર્મીને હવે ક્યાં મમત્વ હોય શકે !

पूरव अवस्था जे करम-बंध कीने अब,
तेई उदै आइ नाना भांति रस देत हैं ।
केइ सुभ साता केई असुभ असतारूप,
दुहुसौं न राग न विरोध समचेत हैं ।
जथाजोग क्रिया करैं फलकी न इच्छा धरैं,
जीवन–मुक्तिको बिरद गहि लेत हैं ।
याते ग्यानवंतकौं न आस्रव कहत कोऊ,
मुद्धतासौं न्यारे भए सुद्धता समेत हैं ।।७।।

અર્થ :—પૂર્વકાળમાં અજ્ઞાન-અવસ્થામાં જે કર્મ બાંધ્યા હતાં તે હવે ઉદયમાં આવીને ફળ આપે છે, તેમાં અનેક તો શુભ છે જે સુખદાયક છે અને અનેક અશુભ છે જે દુઃખદાયક છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિજીવ આ બંને પ્રકારના કર્મોદયમાં હર્ષ-વિષાદ કરતાં નથી–સમતાભાવ રાખે છે. તેઓ પોતાના પદને યોગ્ય ક્રિયા કરે છે, પણ તેના ફળની આશા નથી કરતા, સંસારી હોવા છતાં પણ મુક્ત કહેવાય છે, કારણ કે સિદ્ધોની જેમ દેહ આદિથી અલિપ્ત છે, તેઓ મિથ્યાત્વથી રહિત અનુભવ સહિત છે, તેથી જ્ઞાનીઓને કોઇ આસ્રવ સહિત કહેતું નથી.

આહાહા ! સમ્યગ્દૃષ્ટિનું માહાત્મ્ય જગતને ખબર નથી. ધર્મીની દૃષ્ટિ બહુ ઊંચી છે. રાગથી ભિન્ન ભગવાનનો અનુભવ થયો છે તેથી તેની દૃષ્ટિ જુદું જ કામ કરે છે, પણ પૂર્વે બાંધેલા કર્મ તો ઉદયમાં આવ્યા વગર રહેતાં નથી. શાતાના ઉદયથી અનુકૂળતા ઘણી ઉદયમાં આવી હોય અને કોઇને અશાતાનો ઉદય હોય તો પ્રતિકૂળતા પણ ઘણી હોય, પણ ધર્મી તો તે બેમાંથી કોઇને પોતાની માનતાં નથી. શાતાની કરોડ સામગ્રી ઉદયમાં ભલે હો પણ તે મારા સ્વરૂપમાં નથી. તે જ રીતે અશાતાના ઉદયથી ધગધગતી લાલ સોયો શરીરમાં ભોંકાતી હોય તેને પણ ધર્મી પોતાની માનીને

દુઃખી થતાં નથી. ધર્મી રાગથી ભિન્ન પડ્યાં છે તેમ તેના ફળથી પણ ભિન્ન જ છે.

મારું સ્વરૂપ તો આનંદમય છે એમ જાણતાં ધર્મી આનંદના વેદન પાસે શાતા કે અશાતાની સામગ્રીમાં સુખી-દુઃખી થતાં નથી. શાતાના લાખ, કરોડ, અબજ સંયોગમાં તેમને પ્રીતિ ઉપજતી નથી અને અશાતાના ઉદયવશ સાતમી નરકમાં કરોડો વીંછી એક સાથે કરડે એવી વેદના શરીરમાં હોય તેમાં ધર્મી અપ્રીતિ કરતાં નથી. શાતા-અશાતા તો સંયોગમાં છે, મારામાં આવી ગઈ નથી એમ સમજે છે.

ધર્મી તો ક્ષણે ને પળે સ્વરૂપથી ખસતાં નથી, ગમે તેવી પ્રતિકુળતા આવે તેનાથી ડગતાં નથી, અરે ! મને આવા વેદન ક્યાં સુધી ! એમ વેદનને પોતાનું માનીને ડગી જતાં નથી. સ્વરૂપની શાંતિના વેદન પાસે શાતા-અશાતાના ગંજ બધાં જ્ઞાનના હોય છે. બહારમાં બધું દેખાય છે છતાં અંદરમાં અભિપ્રાયમાં ક્યાંય ફેર પડતો નથી. પૂર્વકર્મના ઉદયના કારણે સંયોગમાં તો બધું હોય, તેથી તો શિષ્યને પ્રશ્ન ઉઠ્યો છે પણ ધર્મીના અંતર અભિપ્રાયમાં એ કોઈ સંયોગનો પ્રવેશ નથી.

મિથ્યાદૃષ્ટિની જેમ જ વર્તતા હોય છતાં ધર્મી અંતરથી ન્યારા છે. જેનો એક કોળિયો છન્નુ કરોડ પાયદળ પરખી ન શકે એવો તો ચક્રવર્તીનો ખોરાક હોય, અન્ય સામગ્રીનો પાર નથી છતાં એ મારી અને હું એનો એવો અભિપ્રાય નથી તેથી ધર્મી નિરાળા છે. અનુકૂળતાની જેમ પ્રતિકૂળતા પણ એવી તીવ્ર હોય તોપણ ધર્મીને તેમાં સ્વામિત્વ નથી, આત્મબુદ્ધિ નથી, મારાપણું નથી માટે ધર્મી નિરાસ્રવ છે.

અહીં તો મિથ્યાત્વના આસ્રવની પ્રધાનતાથી કથન છે એ અપેક્ષાએ જ્ઞાની નિરાસ્રવ છે.

આનંદસ્વરૂપ ભગવાન આત્માના પ્રેમમાં પડેલાં જ્ઞાનીને શાતાની કોઈ ચીજમાં પ્રેમ ઉત્પન્ન થતો નથી. અતીન્દ્રિય આનંદના ચૂસણિયાં ચૂસનારાંને અતીન્દ્રિય આનંદ આવે છે. આઈસ્ક્રિમને, ગુલફીને ચૂસનારાંને અંદરથી ઠંડક આવે, અગ્નિ ન આવે તેમ, અતીન્દ્રિય આનંદ ચૂસનારાંને આનંદ જ આવે તેને શાતા-અશાતાના અનુકૂળ-પ્રતિકૂળ વેદનમાં પ્રેમ કે અપ્રેમ થતો નથી.

સમકિતીના માથે વીજળી પડે કે વજ્ર પડે એવી ભયંકર પ્રતિકૂળતામાં પણ સમકિતી તેની શ્રદ્ધાથી ખસતો નથી. બહારથી ખસી જાય, ગામ છોડીને ચાલ્યો જાય પણ અભિપ્રાયમાં એમ ન આવે કે અહીંથી ખસી જવાથી મને સુખ છે.

ચૈતન્યમૂર્તિ આનંદનું ધામ ભગવાન આત્મહીરો જેણે પહેર્યો છે તેને હવે કઈ

સામગ્રી પ્રીતિ-અપ્રીતિ કરે ! તેની માટે એ બધું તુચ્છ છે. ચૈતન્યહીરાના અનુભવનું નામ જ ધર્મ છે, તેને ધારે તે ધર્મી છે. બાકી, પૂજા કરવાથી કે દાન દેવાથી ધર્મ થઈ જતો નથી. અનંતગુણના ધરનાર આત્માને અનુભવમાં લેતાં અનંતા ગુણની પ્રગટ પર્યાય વેદનમાં આવી એ વેદનને લઈને બાહ્ય સામગ્રીમાં ક્યાંય રાગ કે વિરોધ હોતો નથી, સમભાવ વર્તે છે—સમતાભાવ રહે છે.

जथाजोग क्रिया करैं फलकी न इच्छा धरैं, પોતાના પદને યોગ્ય ધર્મીજીવ ક્રિયા કરે છે એટલે કે ભૂમિકા અનુસાર રાગાદિ થાય છે અને દેહની ક્રિયા પણ તે અનુસાર હોય છે પણ ધર્મી તેના ફળની આશા રાખતાં નથી.

ઘણાં કહે કે, 'અનાસક્તિએ કામ કરવું....' દુનિયાદારીના કામ કરવા, વ્યાજ-વટાવના, હીરાના, વાસણના કામ કરવા, દયા-દાનના કાર્ય કરવા પણ ફળની ઈચ્છા ન રાખવી એમ કહે છે. તેમાં બહુ ફેર છે. તે પરના કામ હું કરી શકું છું એમ માનીને કરે છે અને ફળને ઈચ્છતા નથી. જ્યારે ધર્મી તો પરના કાર્ય હું કરી શકતો જ નથી એવા અભિપ્રાયપૂર્વક ભૂમિકા અનુસાર પ્રવૃત્તિમાં જોડાય છે. એક હીરાને આમથી તેમ કરવો એ મારું કામ જ નથી એવું જ્ઞાનીને અંતર-હૃદયમાં પરથી ભિન્નપણાનું ભાન થઈ ગયું છે. તેથી તે કોઈ ફળની આશા કરતાં નથી. તેથી સંસારી હોવા છતાં જ્ઞાનીને ચોથા ગુણસ્થાનથી મુક્ત કહેવાય છે.

જ્ઞાની-ધર્મીને દેહ અને સંયોગમાં તો પોતાપણું નથી પણ એક વિકલ્પમાત્રમાં પણ પોતાપણું નથી અને જ્યાં પોતાપણું છે ત્યાં વિકલ્પ નથી. વીતરાગમારગ બહુ અલૌકિક છે. વીતરાગતાની પ્રાપ્તિ કોઈ ક્રિયા કે વિકલ્પથી થાય તેમ નથી. આખો અભિપ્રાયનો પલટો થવો જોઈએ. ધર્મીએ અભિપ્રાયમાં ગુલાંટ એવી ખાધી છે કે, અનંત અનંત ગુણવંત નિધાન હાથમાં આવ્યું છે—ચૈતન્યહીરા હાથ આવ્યા છે તેને રાગના અને સંયોગના કાંકરાની મહિમા કેમ આવે !

આમ, ધર્મીજીવ સિદ્ધોની જેમ દેહ આદિથી અલિપ્ત છે. મિથ્યાત્વથી રહિત અને અનુભવથી સહિત છે તેથી જ્ઞાનીઓને કોઈ આસ્રવ સંહિત કહેતું નથી. જ્ઞાની આસ્રવને પોતાના માનતા નથી તેથી જ્ઞાનીને આસ્રવ છે એમ કોઈ કહેતું નથી.

ધંધામાં મોસમ હોય ત્યારે ધનના ઢગલા થાય છે ત્યારે તો એને ધર્મ કરવાનો સમય જ ન હોય. ભાઈ તું રળે છો કે ગળે છો ? અજ્ઞાનીને એમ થાય છે કે મારે તો મોસમમા મજા છે, જ્યારે જ્ઞાની તો ધંધાને કે ધનને પોતાના જ માનતાં નથી. ધર્મીને તો પરમાંથી મમત્વ જ છૂટી ગયું છે તેથી એવો કોઈ અભિપ્રાય જ રહ્યો

નથી. એવો કોઈ વિકલ્પ આવી જાય તો પણ તે મેં કર્યો છે, મારો છે, મને તેનાથી લાભ છે એવું તે માનતો નથી.

यातै ग्यानवंतको न आश्रव कहत कोऊ, કેવળી ભગવાન, મુનિ કે કોઈપણ જ્ઞાનીને આસ્રવ છે એમ કહેતાં નથી. કારણે કે જ્ઞાની મિથ્યાત્વથી રહિત થઈ ગયા છે અને સ્વાનુભવને પ્રાપ્ત થયા છે તેથી આસ્રવમાં તેમને મમત્વ હોય જ નહિ એમ સૌ કોઈ જાણે છે. ધર્મી તો પવિત્રતાથી સહિત છે, અપવિત્રતાથી રહિત છે. આસ્રવ તો અપવિત્ર છે તેથી ધર્મી તેનાથી રહિત છે. જેમ સિદ્ધને દેહ નથી તેમ સમકિતીને દેહ છે પણ દેહ મારો છે એમ નથી.

આત્મા એકલી પવિત્રતાનું ધામ છે, શુદ્ધતાનો પિંડ છે તેનો અનુભવ કરનાર જ્ઞાની જીવ પવિત્રતાને, શુદ્ધતાને પ્રાપ્ત હોય છે. રાગને પ્રાપ્ત થતાં નથી. રાગ અને પરથી તો તે રહિત છે. તેથી આવા જ્ઞાનીને આસ્રવ હોતો નથી.

હવે ૭મા શ્લેકમાં રાગ-દ્વેષ-મોહ અને જ્ઞાનનું લક્ષણ કહે છે.

जो हितभाव सु राग है, अनहितभाव विरोध ।
भ्रामिक भाव विमोह है, निरमल भाव सु बोध ॥८॥

અર્થ :—પ્રેમનો ભાવ રાગ, ઘૃણાનો ભાવ દ્વેષ, પરમાં અહંબુદ્ધિનો ભાવ મોહ અને ત્રણેથી રહિત નિર્વિકારભાવ સમ્યગ્જ્ઞાન છે.

કોઈપણ વિકલ્પમાં કે પરમાં પ્રેમનો ભાવ થાય છે તે રાગ છે, જ્ઞાનીને એ રાગ નથી. સર્વ દ્રવ્યોની મધ્યમાં પડેલો હોય છતાં જ્ઞાની નિરાળો છે અને સર્વ દ્રવ્યની મધ્યમાં પડેલો અજ્ઞાની તેમાં મારાપણું કરતો હોવાથી રાગી છે. પરદ્રવ્ય પ્રત્યે ઘૃણાભાવ થવો તે દ્વેષ છે. જ્ઞાનીને એવો ઘૃણાભાવ હોતો નથી તેથી તેમને દ્વેષ નથી. પરદ્રવ્યમાં અહમ્‌બુદ્ધિ હોવી તે વિમોહ અર્થાત્ ·મિથ્યાત્વ છે. શરીર, પુણ્યાદિમાં અહમ્ અર્થાત્ ઊંડે ઊંડે તેમાં પોતાપણું માનવું તે ભ્રમણા છે—અજ્ઞાન છે.

આમ, આ રાગ-દ્વેષ અને મોહ ત્રણેય ભાવોથી જ્ઞાની રહિત હોય છે. રાગ-દ્વેષ-મોહથી રહિત નિર્મળભાવને જ સુબોધ કહેવાય છે. ધર્મીએ આત્માને પવિત્ર માન્યો છે, જાણ્યો છે અને અનુભવ્યો છે તેથી ધર્મી રાગ-દ્વેષ-મોહાદિ વિકારીભાવથી રહિત નિર્મળ સુબોધમાં વર્તે છે.

ચારિત્રની અપેક્ષાએ સમકિતીની ક્રિયા ગજસ્નાનવત્ ગણાય છે. જેમ હાથી સ્નાન કરે અને તુરત ગંદો થાય છે, તેમ સમકિતીની નિર્જરા પણ એવી જ છે, પણ

શ્રદ્ધાની અપેક્ષાએ તો તેમાં જરાય મલિનતા આવતી નથી. માટે સમકિતી નિર્મળ જ છે. મુનિરાજના ચારિત્રની અપેક્ષાએ સમકિતીની નિર્મળતા કાંઇ ન ગણાય કેમ કે, મુનિને તો ઘણી વીતરાગતા અને નિર્મળતા હોય છે, પણ દર્શનની અપેક્ષાએ તો સમકિતી નિર્મળ જ છે.

સુદૃષ્ટિતરંગિણીમાં છ દ્રવ્ય સમજાવવા માટે મુનિનું દ્રષ્ટાંત આપ્યું છે કે, એક ગુફામાં છ મુનિરાજ ધ્યાનમાં બેઠો હોય તેને એકબીજાને કાંઇ જ સંબંધ નથી, પોતે પોતાના ધ્યાનમાં લીન છે, બીજાંની પડી નથી. તેમ જગતમાં છ દ્રવ્યો સૌ પોતપોતાના કાર્યને કરે છે, કોઇને કોઇની અપેક્ષા નથી. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, ધર્મ, અધર્મ, આકાશ અને અસંખ્ય કાળ દ્રવ્ય તે સૌ પોતાથી પોતામાં રહેલાં છે. પોતાના કાર્ય માટે તેને બીજાં દ્રવ્યની રાહ જોવી પડતી નથી તેમ સમ્યગ્દષ્ટિ જગતમાં રહ્યો છે છતાં તેને કોઈની કાંઈ અપેક્ષા નથી.

આમ રાગ-દ્વેષ-મોહથી રહિત ભાવને જ નિર્મળજ્ઞાન કહેવાય છે. જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદ આવ્યો હોય, અનંતા ગુણની નિર્મળતા પ્રગટ થઇ હોય એવા જ્ઞાનને જ જ્ઞાન કહેવાય છે. એકલા ઉઘાડજ્ઞાનને નિર્મળ જ્ઞાન કહેવાતું નથી. રાગ-દ્વેષ-મોહ રહિત નિર્મળ સ્વસંવેદન જ્ઞાનને જેણે પ્રાપ્ત કર્યું છે તે જ જ્ઞાની છે.

૯મા પદ્યમાં કહે છે કે રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ છે.

राग विरोध विमोह मल, एई आस्त्रवमूल
एई करम बढाईकैं, करैं धरमकी भूल ॥९॥

અર્થ :—રાગ-દ્વેષ-મોહ એ ત્રણેય આત્માના વિકાર છે, આસ્રવના કારણ છે અને કર્મબંધ કરીને આત્માનું સ્વરૂપ ભુલાવનાર છે.

આત્મા સિવાય રાગમાં પ્રેમ કરવો અથવા અનુકૂળ ચીજ દેખીને રાગ કરવો એ જ્ઞાનીનું કાર્ય નથી. વિરોધ એટલે દ્વેષ તે પણ જ્ઞાનીને હોતો નથી અને વિમોહ એટલે ભ્રાંતિ તે પણ જ્ઞાનીને ટળી ગઈ છે કે જે આસ્રવના મૂળ છે. રાગ-દ્વેષ-મોહથી જ કર્મનો આસ્રવ અને બંધ છે તે મૂળ જ જ્ઞાનીને નાશ પામ્યું હોવાથી જ્ઞાનીને આસ્રવ નથી. અજ્ઞાનીને આ રાગ-દ્વેષ-મોહ જ કર્મ વધારે છે અને ધર્મને ભૂલાવે છે. હું વ્રતી છું, મેં પુણ્યના મોટાં કાર્ય કર્યાં છે, મેં ભક્તિ બહુ કરી છે એમ શુભના પ્રેમમાં આત્માને ભૂલી જાય છે.

હવે ૧૦મા પદ્યમાં બનારસીદાસજી કહે છે કે, સમ્યગ્દષ્ટિ નિરાસ્રવ છે.

जहां न रागदिक दसा, सो सम्यक परिनाम ।
यातैं सम्यकवंतको, कह्यौ निरास्रव नाम ॥१०॥

અર્થ :—જ્યાં રાગ-દ્વેષ-મોહ નથી તે સમ્યત્વભાવ છે, તેથી જ સમ્યગ્દૃષ્ટિને આસ્રવરહિત કહ્યો છે.

સમ્યગ્દૃષ્ટિના ભાવમાં રાગ-દ્વેષ-મોહ નથી. દ્રવ્ય-ગુણમાં તો રાગ-દ્વેષ-મોહ નથી, પણ સમ્યગ્દૃષ્ટિને પર્યાયમાં પણ રાગ-દ્વેષ-મોહ નથી. અજ્ઞાની કદાચ બહારથી બધું છોડીને બેઠો હોય તોપણ અભિપ્રાયમાં રાગ સહિત છે. મહાવ્રતના વિકલ્પ મારા છે, હું મહાવ્રત પાળું છું એવી મિથ્યાદૃષ્ટિને વિકલ્પમાં મારાપણાની બુદ્ધિ છે તે મોહ છે. અણગાર હોવા છતાં તે રાગ-દ્વેષને મારા માને છે તો મોહી છે અને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં ધર્મીને રાગાદિમાં અહમ્‌બુદ્ધિ નહિ હોવાથી સમકિતી છે તે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં મોક્ષમાર્ગી છે અને પેલો નગ્ન મુનિ હોવા છતાં મોહી મિથ્યાદૃષ્ટિ છે, સંસારમાર્ગી છે. મુનિ થઈને પદ્માવતી અને ક્ષેત્રપાલને દેવ માને છે તેને ધર્મનું ભાન જ નથી. અહીં તો પરમાત્મા પોતે દેવનો દેવ છે. દેવાધિદેવ સર્વજ્ઞપરમાત્મા અને આત્મદેવને ઓળખનારો પોતે દેવ છે.

અહીં કહે છે કે, જ્ઞાનીને દૃષ્ટિના વિષયમાં અને જ્ઞાનીની પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ નથી માટે તેને નિરાસ્રવ કહેવામાં આવે છે.

હવે ૮મા શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે, ધર્મી બંધથી વિધુર છે. રાગ અને રાગના પરિણામરૂપ બંધથી આત્મા વિધુર છે. આવા આત્માના અનુભવી-નિરાસ્રવી જ્ઞાનીઓનો આનંદ કોઈ જુદો હોય છે. અતીન્દ્રિય આનંદના વેદન પાસે બહારનું બધું તેને તુચ્છ લાગે છે. આવી મૂળ વાતને નહિ સમજનારા જીવો રાગની ક્રિયાના સ્વામી થઈને નિગોદગામી થાય છે પણ અજ્ઞાનમાં એ શું કરે છે તેની એને ખબર નથી. તેને અજ્ઞાનમાં એમ લાગે છે કે, આવી વાત સાંભળીને લોકોના કલ્યાણ અટકી જાય છે. ભાઈ ! રાગની-દયા, દાન, વ્રતાદિની ક્રિયા મારી છે, તેનાથી મારું કલ્યાણ છે એમ માની, મનાવીને તમે મિથ્યાત્વનું પોષણ કરો છો અને મિથ્યાત્વના ફળમાં તો નિગોદમાં વાસ્તુ થાય છે. જ્યારે રાગથી પોતાને ભિન્ન માનનારા સિદ્ધાલયમાં વાસ્તુ કરે છે. કેમકે, તેને આસ્રવ જ નથી. તેથી સંસાર ફળતો નથી, તે તો સિદ્ધાલયમાં વાસ કરશે.

*[ક્રમશઃ]*

*

# નગુણા કેમ થવાય ?!

—કુ૦ અસ્મિતાબેન લખુભાઈ ભાલાણી, બોટાદ

પરમ પૂજ્ય ભગવતી માતાજી (બહેનશ્રી ચંપાબેન)ના વડિલબંધુ પૂજ્ય શ્રી હિંમતભાઈ, સાચા અર્થમાં જોઈએ તો, દરેક મુમુક્ષુના સાચા 'ભાઈ' છે. જેમ વ્યવહારમાં 'ભાઈ'ની ફરજ રક્ષણ આપવાની છે, તેમ અહીં મુમુક્ષુના આ 'ભાઈ'એ રાગ, દ્વેષ, મોહ અને માયાથી બચવા માટે, અને પરમ શુદ્ધભાવ પ્રગટ કરવા માટે, સૌ સમજી શકે તેવી ભાષા શાસ્ત્રોને અર્પી, અને દરેક જીવનું અશુદ્ધભાવમાંથી બચવા માટેનું રક્ષણ આપ્યું.

જરા થોભો, અને વિચારો કે આપણાં આ પાંચ પરમાગમ ગુજરાતીમાં લખાયાં ન હોત તો મૂળ પ્રાકૃતમાં, સંસ્કૃતમાં કે અરે ! હિન્દીમાં પણ, કેટલા ગુજરાતીભાષી જીવો વાંચી કે સમજી શકત ! ! કદાચ કેટલાક ભાષા વાંચી–ઉકેલી જાત; તોપણ મુરબ્બી પંડિતજીએ માત્ર ભાષા ફેરવી એટલું જ નહિ પરંતુ આચાર્યદેવની મૂળ સંસ્કૃત ટીકાને અડીને તેમના ભાવોની ઊંડપ અને ગંભીરતા બરાબર જાળવીને શાસ્ત્રકાર અને ટીકાકાર આચાર્ય ભગવંતોને શું કહેવું છે ? તેમના હૃદયમાં ભાવોનું ઊંડાણ શું છે ? તે ગહન ભાવોને પણ ગુજરાતી ભાષામાં રજુ કર્યા છે. ત્રીશ વર્ષની વયે તો પ્રથમ શ્રી અમૃતચંદ્ર-આચાર્યકૃત મૂળ સંસ્કૃત ટીકાનો અનુવાદ શરૂ કર્યો. પરમપૂજ્ય સદ્‌ગુરુદેવની સરાણ પરથી પસાર થઈ, તેમની પ્રસન્નતા અને પ્રોત્સાહન મેળવી અલભ્ય, અલૌકિક અને ચિરસ્મરણીય એવું અનુવાદ કાર્ય કર્યું.

આ અનુવાદો ન હોત તો, વિચારીએ તો, ઊંડા અર્થો સમજીને આપણે સૌ વાંચી શકત ? તેના ભાવો સમજી શકત ? જેનો જવાબ નકારમાં જ આવે છે. ભલભલા અભ્યાસુઓ પણ માતૃભાષા (ગુજરાતી)માં શાસ્ત્રો ન હોત તો વાંચી–સમજી શકત નહિ, તે સત્ય હકીકત છે. માટે પંડિત શ્રી હિંમતભાઈ—'મામા'નો મુમુક્ષુગણ પર અપાર ઉપકાર છે.

પ્રાકૃત સમજનારો વર્ગ નહિવત્ છે, તો સંસ્કૃત સમજનારા પણ ઓછા છે. આ તો ગુજરાતી વાંચી શકનારા, ભલે તે પાંચથી સાત ચોપડીનો અભ્યાસુ હોય તોપણ, દેશમાં કે પરદેશમાં જ્યાં જ્યાં વસતો ગુજરાતી હોય તે દરેક વ્યક્તિ આ શાસ્ત્રોનો અભ્યાસ કરી શકે તેમ છે. ક્યાંય સિદ્ધાન્ત તૂટે નહિ, ક્યાંય ન્યાય મચડાય નહિ, પરાણે બંધબેસતું કર્યું હોય તેવો કોઈ અનુવાદ નહિ. અરે ! તર્કબદ્ધ ઊંડી સમજ

સાથેનો વિશુદ્ધ અર્થ આપનારાં આવાં અદ્દ્ભુત, દિવ્યતા-ભરપૂર, અગાધ ઊંડાણવાળા અને વિસ્તૃત શાસ્ત્રો આપણને વાંચવાં ક્યાંથી મળ્યાં હોત!! સાચી જ વાત છે ને! સેંકડોં વર્ષનાં વહાણાં વહી ગયાં તે સમય દરિમયાન લોકો તેને સમજવા—વાંચવાથી વંચિત રહ્યા જ ને! આપણે સાંપ્રત સમયમાં તો સહેલાઈથી–સરળતાથી વાંચી શકીએ છીએ, અભ્યાસ કરી શકીએ છીએ. સંપૂર્ણ સ્વાધ્યાય કરવાનું સાધન મુરબ્બી શ્રી પંડિતજીએ જ પૂરું પાડ્યું છે; તેની હા ભણ્યા સિવાય અને તેમના ઉપકારવશ થયા સિવાય કોઈ મુમુક્ષુનો છૂટકો નથી.—આ તટસ્થ રીતે આવેલ એક ભાવનું કથન છે.

આ બીજ પર (—પ્રશમમૂર્તિ ભગવતી માતાના ૮૫મા મહામણિ–જન્મોત્સવ પ્રસંગે) આ ઉંમરે તેઓશ્રીનાં રચાયેલાં અને સ્વ–સ્વરે ગવાયેલાં, પૂજ્ય માતાજીના જીવનનો ચિતાર આપતાં ગીતોની કક્ષા પણ કેટલી ઊંચી અને ભાવવાહી હતી, તે વાત પણ હૃદયને સ્પર્શી જાય તેમ છે. તેઓશ્રીનાં અનુવાદિત શાસ્ત્રોએ હજારોં લાખોં જીવન પર લગામનું કામ કર્યું છે. પરમપૂજ્ય સદ્દ્ગુરુદેવશ્રીએ આશરે અડધા સૈકા સુધી આ શાસ્ત્રોની છણાવટ કરી, મુમુક્ષુને ઝીણવટથી સમજાવ્યાં અને ઘેર જઈને, ગુજરાતીમાં હોવાથી, લોકોએ વાંચન કરીને પોતાના જીવનમાં આવતાં સાંસારિક સુખદુઃખમાં ટકવાનું બળ મેળવ્યું, દરેક સંજોગમાં સમભાવ રાખવાનું તેમાંથી શીખ્યા, મિથ્યા માન્યતાઓમાં ને ક્રિયાકાંડમાં ડૂબેલા માણસોએ સાચી સમજ મેળવી;—આ બધું એ જે હજારો–લાખો માણસોએ મેળવ્યું, મેળવી રહ્યા છે અને મેળવશે તેમાં સૌથી અગત્યનું નિમિત્ત તે (પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતાની ઉપકારછાયામાં) પૂજ્ય મામાના (આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈના) હસ્તે 'ગુજરાતી'માં અનુવાદિત થયેલાં પરમાગમો છે; તે નિર્વિવાદ વાત છે, જેનો સ્વીકાર અને આભાર (ઉપકારવશપણે) સૌ મુમુક્ષુગણે માનવો જ જોઈએ. પરમપૂજ્ય શ્રી સદ્દ્ગુરુદેવના શ્રીમુખેથી મુરબ્બી શ્રી હિંમતભાઈ વિષે નીકળેલો મંગલ હૃદયોદ્દ્ગાર કે—'આ તો નિકટ મોક્ષગામી જીવ છે.'—આવી મહાન વ્યક્તિ પ્રતિ આભાર–ભાવ પ્રગટ કરવાની તક લઉં છું, અને તેઓના હસ્તે થયેલ ગુજરાતી અનુવાદોનાં અસાધારણ કાર્યનું અભિવાદન કરું છું. તેમના આ ૯૧મા જન્મદિવસ (શ્રાવણ વદ ૧૪) નિમિત્તે તેમને લાખ–લાખ પ્રણામ.

*('મધુરા ઉપોદ્દ્ઘાત'ના વાચન પછી સ્ફુરેલ વિચારો તથા ભાવના)*

[તા. ૧૦-૮-૯૮]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત–ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

| | | |
|---|---|---|
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યત્મિક ટેપ-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | પુરુષો માટે શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ ગુરુ-સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી ટેપ-પ્રવચન |

## બહેનશ્રી ચંપાબેનના ૮૫ મા વર્ષનો મહામણિ-જન્મજયંતી મહોત્સવ

દુર્લભ એવી દ્રવ્યદૃષ્ટિની પ્રાપ્તિ અર્થે પરમાત્મપણાનો મહામંત્ર આપી મુમુક્ષુસમાજને પુરુષાર્થની પ્રેરણા આપનાર અનંત ઉપકારી ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-ઉપદેશને ગ્રહણ કરીને તેઓશ્રીની અસીમ ઉપકારી છત્રછાયામાં નાની ઉંમરમાં સ્વાનુભૂતિ કરી લેનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કે જેમની અંતરંગ વિશિષ્ટ નિર્મળદશા, જાતિસ્મરણ તથા વચનામૃત–વાણી આદિની પ્રશંસા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળવાનો આપણને સૌને અનેકવાર લાભ મળ્યો છે, તેમનો ૮૫મો મહામણિ-જન્મજયંતી-મહોત્સવ તા. ૫-૮-૯૮ થી તા. ૯-૮-૯૮ શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર યુવક મંડળ, બૃહદ્ મુંબઈ તરફથી, આપણા આદરણીય આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ જેઠાલાલ શાહની દેવ–ગુરુ–ભક્તિભીની ઉપસ્થિતિમાં સુવર્ણપુરીમાં પાંચ દિવસના ભવ્ય સમારોહપૂર્વક ૩૦૦૦થી અધિક મહેમાનોની ઉપસ્થિતિમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ મંગલ અવસરે 'શ્રી સિદ્ધપરમેષ્ઠિ-વિધાનપૂજા'નું મહામણિની આકૃતિવાળુ માંડલું અતિ ભવ્ય લાગતું હતું. તદુપરાંત ઉત્સવની શોભાની મનોજ્ઞતાસૂચક વિશાળ મહામણિ ઉપર પૂજ્ય

બહેનશ્રીના વિશાળ ચિત્રપટવાળુ પ્રવેશદ્વાર તથા સમારોહ મંડપમાં વિવિધ મનોરમ્ય ભવ્ય શુશોભન કરવામાં આવ્યું હતું.

આ આનંદકારી ઉત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે ઓડિયો-ટેપ દ્વારા પૂજ્ય બહેનશ્રીની શાંતરસઝરતી દેવ-ગુરુભક્તિ તેમ જ સ્વાનુભવરસભીની ધર્મચર્ચા, જિનેન્દ્ર દર્શન, 'શ્રી સિદ્ધપરમેષ્ઠિ વિધાનપૂજા', તાત્ત્વિક તેમ જ ભક્તિસૂત્રોથી અંકિત ભવ્ય 'બેનર' તેમ જ વિવિધ નયનરમ્ય ભવ્ય શૃંગાર સજાવવામાં આવેલા મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પદ્મનંદિપંચવિશંતિના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર સ્વાનુભવરસ ઝરતું, પુરુષાર્થપ્રેરક સ્વાનુભૂતિમાર્ગદર્શક, અલૌકિક, અધ્યાત્મિક ટેપ પ્રવચન, આદરણીય પંડિતજી દ્વારા પ્રાસંગિક સમૂહભક્તિ, શ્રી કુંદકુંદ-કહાન-પરિવાર યુવક મંડળ દ્વારા આયોજિત આધ્યાત્મિક જ્ઞાનશિબિર, બપોરે પણ આધ્યાત્મિક જ્ઞાનશિબિર, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, જ્ઞાનશિબિર, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું જન્મજયંતીના ઉપલક્ષમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ભાવવાહી ટેપપ્રવચન, શિબિરનાં અંગરૂપ તત્ત્વચર્ચા અને છેલ્લે બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—ઉત્સવ દરમિયાન આ કાર્યક્રમ બરાબર નિયમિત ચાલતો હતો. પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુની ઉપસ્થિતિથી સ્થાન ભરાઈ જતું હતું.

બહેનશ્રીની જન્મજયંતીના હર્ષોલ્લાસમાં તા. ૮ ઓગષ્ટના રોજ બપોરે 'ધાતકી વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપિઠિકાયુક્ત ભવ્ય ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણ-વિહાર સર્વે ભક્તોને અતિ આનંદકારી અનુભૂત થતો હતો. રથયાત્રામાં અનેક ભવ્ય સજાવટ સાથે 'તેજબાનંદિની ચમ્પાકુંવરી'ના પારણાઝૂલનનું એક મનોહર 'ફ્લોટ-(FLOAT)' બધાના ભક્તિભીના ચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. પારણાઝૂલનની બોલીનો લાભ મુંબઈ નિવાસી શ્રી દિપકભાઈ મનસુખભાઈ દોશીને પ્રાપ્ત થયો હતો. રથોત્સવની ભવ્યતા જોઈને ગ્રામજનતા પ્રસન્નતાથી મહાન ધર્મપ્રભાવક સંતપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ તેમના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ઘાટકોપર, મલાડ તેમ જ વઢવાણની ભજન મંડળીએ પણ વાતાવરણ ભક્તિમય બનાવીને રથોત્સવને અધિક રોચક બનાવ્યો હતો.

## શ્રાવણ વદ બીજ : બહેનશ્રીની જન્મજયંતી

ગુરુભક્ત મુમુક્ષુઓ માટે ભક્તશિરોમણિ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીનો આ દિન-શ્રાવણ વદ બીજ-મહા આનંદકારી દિવસ છે. શ્રાવણ વદ બીજના રોજ સવારે દેવદર્શન બાદ ભવ્ય સુશોભિત વિશાલ મંડપમાં ક્રમશઃ 'સદ્ગુરુ-સ્તુતિ', પ્રાણિપાતસ્તુતિ તથા વિડિયો-ટેપ દ્વારા કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીનું માંગલિક અને પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મરસપ્રધાન તાત્ત્વિક ચર્ચાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પરમાગમમંદિરમાં શ્રી સિદ્ધપરમેષ્ઠિ વિધાનપૂજા અને તેનું સમાપન, ત્યારબાદ સુશોભિત મંચ ઉપર બિરાજિત આપણા સર્વોત્કૃષ્ટ ઉપકારી પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય સ્ટેચ્યૂ સમક્ષ દેશવ્રતોદ્યોતન ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું

માર્મિક અદ્દભુત પ્રવચન અને ૧૩ મિનિટ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનથી જાણેલાં ભૂત–વર્તમાન–ભવિષ્ય સંબંધી વિવરણ કે જે સાંભળીને મુમુક્ષુઓ આનંદથી ગદ્દગદ્દ થઈ ગયા હતા.

ત્યારબાદ 'સત્‌પંથિની' ગાડીમાં પૂજ્ય બહેનશ્રી ચિત્રપટના રૂપમાં મંડપમાં પધાર્યા. પૂજ્ય બહેનશ્રીના તે વિશાળ ચિત્રપટ સમક્ષ, વધાવવાનો આનંદકારી ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સર્વપ્રથમ આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈએ અને ત્યારબાદ સેંકડો પરિવારે ભક્તિ ગાતા ગાતા પૂજ્ય બહેનશ્રીને મહામણિ દ્વારા વધાવવાનો આનંદકારી લાભ લીધો હતો.

બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રવાંચન, દેવ–ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી ટેપપ્રવચન—એ રીતે આ આનંદાકારી મહોત્સવ સાનંદ સમ્પન્ન થયો હતો.

આ શુભ અવસરે 'શ્રી સિદ્ધપરમેષ્ઠિ વિધાનપૂજા' કાયમી ૫૪ મુમુક્ષુઓ તરફથી તથા પ્રાસંગિક ૩ મુમુક્ષુઓ તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસરે સંસ્થાને રૂા. ૧૨,૫૧,૩૪૯ની નીચે પ્રમાણે આવક થઈ હતી :—

| | |
|---|---|
| પ્રસંગ આયોજન | ૫,૦૦,૦૦૦ |
| જન્મવધાઈમાં રૂા. ૩૩૪×૫૦૧ | ૧,૬૭,૩૩૪ |
| જન્મવધાઈમાં રૂા. ૨૭×૧૦૦૧ | ૨૭,૦૨૭ |
| ૮૫મી જન્મજયંતી પ્રસંગે ૧૩૫૭×૮૫ | ૧,૧૫,૩૪૫ |
| રથયાત્રાની બોલી | ૧,૧૭,૧૧૦ |
| જન્મવધાઈ શ્રાવણ વદ-૨ | ૪૮,૬૬૭ |
| આરતી | ૩,૭૬૫ |
| પૂ. બહેનશ્રીના નિવાસસ્થાન પર ચિત્રપટની સમક્ષ | ૩૦,૧૦૧ |
| પંચપરમાગમ પ્રકાશન ધ્રુવ ફંડ ખાતે | ૨,૦૦,૦૦૦ |
| અન્ય શુભ ખાતે | ૪૨,૦૦૦ |
| કુલ | **૧૨,૫૧,૩૪૯** |

**દશલક્ષણ પર્યુષણપર્વ :—** (તા.૨૭-૮-૯૮ થી તા.૫-૯-૯૮) 'દશલક્ષણધર્મ', નિયમસાર અને પરમાત્મપ્રકાશ પર પૂજ્ય ગુરુદેવશ્રીનું જ્ઞાનવૈરાગ્ય અને મુનિધર્મ મહિમાથી ભરપૂર આધ્યાત્મિક ટેપપ્રવચન, સમયસાર (નિર્જરા અધિકાર) પર શાસ્ત્ર-વાંચન, દશલક્ષણમંડલવિધાનપૂજા તથા જિનેન્દ્ર-મુનિરાજભક્તિના ભવ્ય સમારોહપૂર્વક અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ ઉપરાંત તા.૧-૯-૯૮ના દિવસે સુગંધદશમી, તા.૪-૫-૯૮ના દિવસે રત્નત્રયપર્વ પૂજાભક્તિ તથા તત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

**ઉત્તમ ક્ષમાવણીપર્વ :—** (ભાદરવા વદ એકમ) તા.૭-૯-૯૮, સોમવારના દિવસે 'ક્ષમાવણીપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનું પદ્મનંદિપંચવિંશતિ ગ્રન્થના 'આલોચના અધિકાર' ઉપર ભાવવાહી પ્રવચન, વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી

પ્રતિ ક્ષમાપ્રાર્થના વગેરે સમારોહપૂર્વક સાધર્મી મુમુક્ષુઓ પ્રતિ ધર્મવાત્સલ્ય-ભાવના સાથે ઉજવવામાં આવ્યો હતો. *

**વૈરાગ્ય સમાચાર :—**

લીંબડી નિવાસી (હાલ–નાગપુર) શ્રી મહાસુખલાલ રાઘવજી અજમેરા (વર્ષ-૭૭) તા. ૨૯-૭-૯૮ ના રોજ સોનગઢથી નાગપુર જતાં, નાગપુર પહોંચતા પહેલાં ટ્રેઈનમાં હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

મૂળી નિવાસી (હાલ-બોરીવલી) શ્રી ભાસ્કરભાઈ લક્ષ્મીચંદ શાહના ધર્મપત્ની શ્રીમતી કિરણબેન (વર્ષ-૫૨) તા. ૩૦-૭-૯૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદ નિવાસી (હાલ-અમેરિકા) શ્રી રસિકલાલ શાંતિલાલ કામદાર (વર્ષ-૬૨) તા.૧-૮-૯૮ના રોજ ઓપરેશન બાદ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

બીલીમોરા નિવાસી શ્રી સુલોચનાબેન છબીલદાસ સંઘવી (વર્ષ-૭૫) તા. ૫-૮-૯૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ચુડા નિવાસી (હાલ બોરીવલિ) શ્રી કાંતાબેન જેચંદભાઈ ગોસલિયા (વર્ષ ૮૨) તા.૧૫-૮-૯૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢ નિવાસી બ્ર. બેન શ્રી હંસાબેન કેશવલાલ શાહ જલગાંવવાળા (વર્ષ-૫૭) તા. ૨૩-૮-૯૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૩૨ વર્ષથી સોનગઢ સ્થાયી રહેતા હતા; ધવલા આદિનો ઘણો અભ્યાસ હતો. સ્વભાવે ઓછા બોલા, શાંત, સરળ અને સહનશીલ હતા. ટૂંકી બિમારીમાં ઓચિંતા દેહ વિલયનો પ્રસંગ આવી પડવા છતાં અસહ્ય વેદનાગ્રસ્ત સ્થિતિમાં પણ ખૂબ જ શાંતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

❀ જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી.

*(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* અનાદિથી આ જીવે અજ્ઞાનદશાને કારણે મોહના અનુભવના પ્રભાવને લીધે હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દૃષ્ટિ કરી નથી. પોતાની પ્રભુતાનો તેણે કદી વિશ્વાસ કર્યો નથી. વર્તમાન વર્તતી પામર દશા વખતે જ હું શક્તિપણે પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છું એમ તેને ભાસ્યું નથી. તેથી પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવા મોહના અનુભવની જ અનાદિથી પર્યાયમાં તેને પ્રબળતા રહી છે. ૧૦૯.

* શ્રોત્રની ભાવેન્દ્રિય શબ્દને જાણે, તે રીતે એક એક ઇન્દ્રિયો પોતપોતાના વિષયો દ્વારા જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે તે ભાવેન્દ્રિય છે. જ્ઞાનને ખંડખંડ જણાવનારી ભાવેન્દ્રિય તે જ્ઞાયકનું પરજ્ઞેય હોવા છતાં તે ભાવેન્દ્રિયને જ્ઞાયકની સાથે એકતા માનવી તે મિથ્યાત્વ છે. ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી–માનવી તે પણ સંસાર છે. અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ તે પણ ઇન્દ્રિયજ્ઞાન છે, તે જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે. ૧૧૦.

*દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઇન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા ! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઇશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જુઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે–સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી–પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૧૧૧.

*રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે—એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું. એવી દૃષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે. ૧૧૫.

*

## ✻ જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય જણાય છે ✻

જ્ઞાનની પર્યાયમાં સ્વજ્ઞેય જણાય છે પણ તેના તરફ તેં દૃષ્ટિ કરી નથી, ત્યાં દૃષ્ટિ કરીને તને જાણ તો તને સુખ થશે. પર તરફના વલણવાળા જ્ઞાનથી દુઃખ થશે કેમ કે તે પરના લક્ષે થાય છે. સ્વપ્રકાશકજ્ઞાન થયા પછી જ્ઞાન પરને જાણે તો તે દુઃખરૂપ નથી, કેમ કે એ તો પોતાની પર્યાય છે તે પરના લીધે પરપ્રકાશક નથી. જેને સ્વસત્તાનું અવલંબન આવ્યું છે તેને પરપ્રકાશકજ્ઞાન એ પોતાના જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એમ જાણે છે તેથી તેને તે દુઃખરૂપ નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધ થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.

—સંપાદક

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'


સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન કહાન મુદ્રણ લય, સોનગઢ

આજીવન સભ્ય ફી : રૂ. ૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]